# માતૃભાષા શિક્ષણની આવશ્યકતાનો અભ્યાસ

ડૉ. મેહાલી આર.દેસાઈ
આસી. પ્રોફેસર
શ્રી શંકર બી. એડ્. કૉલેજ, માણંદ

**૧.પ્રસ્તાવના**

મનુષ્ય એ સામાજિક પ્રાણી છે, અને તેભાષાના કારણે પ્રાણીઓની તૂલનામાં અન્ય પ્રાણીઓ કરતાં જુદો પાડે છે.કોઇ પણ વ્યક્તિ ભાષાના માધ્યમ જ જ્ઞાન પ્રાપ્ત કરે છે. ભાષા એ માનવ વ્યવહારનું ઉત્તમ અને અવિભાજ્ય અંગ છે. ભાષા એ વિચારો, ભાવો, કલ્પનાઓ અને અનુભવોને યોગ્ય રીતે વ્યક્ત કરવા, સંસ્કૃતી અને સભ્યતાને જાણવા અને પ્રસારવા, જ્ઞાન મેળવવા, જ્ઞાનનો પ્રસાર કરવા, અને શિક્ષણ આપવા માટેનું મહત્વનું ઉપકરણ છે. વિજ્ઞાન, અર્થતંત્ર, રાજતંત્ર, ઉદ્યોગ, સાહિત્ય, કેળવણી વગેરે બધાં અંગોનો વિકાસ ભાષા પર નિર્ભર છે.ભાષા એ વ્યક્તિ તેમજસમાજના અસ્તિત્વ અને અસ્મિતાનો અવિભાજ્ય ભાગ છે. ભાષા એ સંસ્કૃતિના ઉદ્દભવ અને વિકાસનું મૂળ કારણ છે. ભાષાદ્વારા જ વ્યક્તિ અને સમાજ પોતાની ઇચ્છાઓ, એષણાઓ અને અભિચેષ્ટાઓ વ્યક્તકરે છે. ભાષા વિનાનોમાનવ પાંગળો છે. ભાષા જ માનવજીવનના વિકાસનો પાયો છે. માનવજીવનમાં જે સ્થાન અને મહત્વ ભાષાનું છે, તે જ સ્થાન માતૃભાષાનું છે. માતૃભાષા આપણા જીવનનો અવિભાજ્ય અંગ છે. શ્વાસોચ્છ્વાસ અને લોહીના ધબકાર સાથે માતૃભાષા જડાયેલી છે.'**वाचामेव प्रसादेन लोकयात्रा प्रवर्तते**' (વાણીની કૃપાથી જીવનવ્યવહાર ચાલે છે.) કવિ દંડી દ્વારા લખાયેલ આ સંસ્કૃત વચન માતૃભાષા માટે પણ એટલું જ સાર્થક નિવડે છે. આપૃથ્વી પરજડ-ચેતનસ્વરૂપે જે કાંઇ છે તે સઘળાં વિશેનો ખ્યાલ માણસને પ્રથમતો માતૃભાષામારફતે જ તો પ્રાપ્ત થાય છે.

પ્રાથમિકશાળાથી માંડીને ઉચ્ચ શિક્ષણસુધી શિક્ષણનું માધ્યમ માતૃભાષામાં હિતકારી છે. આપણે માતૃભાષા દ્વારા જ અભિવ્યક્ત થઇએ છીએ. આપણા સામાજિક અને સાંસ્કૃત્તિક વારસાના સંરક્ષણ, સંવર્ધન અને હસ્તાન્તરણમાં માતૃભાષા મદદરૂપ બને છે. શિક્ષણણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષાઓ અને તેને દૂર કરવાના ઉપાયો વિચારવાનો સમયહવે પાકી ગયો છે. અન્ય વિકસિત રાષ્ટ્રોની જેમ આપણે પણ માતૃભાષા પરત્વે દૂર્લક્ષ સેવવાને બદલે ઉચ્ચ શિક્ષણનો પાયો એ માતૃભાષાનું શિક્ષણ છે તેમ સૌએ સ્વીકારવું જ રહ્યું.

**૨. માતૃભાષાની સંકલ્પના**

'ભાષા' શબ્દએ સંસ્કૃતની '**भाष**' ધાતુમાંથી ઉતરી આવેલો શબ્દ છે જેના અર્થ 'ભાષણ કરવું' અથવા 'કહેવું' એવો થાય છે અને ભાષણ અથવા કહેવા માટેનું જે માધ્યમ છે તે ભાષા છે. જગતના કેટલાક ધર્મગ્રંથો અનુસાર જગતમાં મનુષ્યની

ઉત્પત્તિની સાથે સાથે જ એકાએક દૈવી શક્તિવડે એક સંપૂર્ણસ્વરૂપવાળી ભાષાઉત્પન્ન થઇ. જેમ માનવસહજ રીતે શ્વસોચ્છવાસ લેતો થયો તે જ પ્રકારે દૈવી શક્તિની પ્રેરણાથી તે ઇચ્છા વિના , સહજ રીતે, બોલતો થયો.[૧]

હિન્દુધર્મશાસ્ત્ર પ્રમાણે ગીર્વાણગિરા સંસ્કૃત એ જ આદિ ભાષા છે. જેનુંપરમેશ્વરે સૃષ્ટિને આરંભે ઋષિઓને જ્ઞાન આપ્યુંહતું. એમાંથી કાળક્રમે અચ્યભાષા-વિભાષાઓ ઉત્પન્ન થઈ.[૨] રોમન કેથોલિકમતાનુયાયી ખ્રિસ્તીઓ કહે છે કે ‘યહુદીઓની પ્રાચીન ભાષા હિબ્રુ, જેમાંબાઇબલનો Old Testamentજુનો કરારરચાયેલો છે. એ જ માનવીની આદિમ ભાષા હતી. એ માનવસર્જિત નહિ પરંતુ ઇશ્વરદત્તવાણી હતી.’[૩] બૌધો પાલી ભાષાને અને જૈનો આગમોની આર્ષપ્રાકૃત કે અર્ધમાગધીને માનવીની મૂળ ભાષાગણાવે છે[૪]

પ્રાચીન ગ્રીક દાર્શનિકોમાંથી કેટલાક ભાષા ઇશ્વરદત્ત છે એમ માનતા હતા, ત્યારે સોક્રેટીસ જેવા અન્ય પ્રસિદ્ધ દાર્શનિકો એ મતથી વિરુદ્ધ હતા. ભાષાના ઉદ્દગમ સંબંધે એક મત એવો છે કે પ્રાચીન-પ્રાગૈતિહાસિક કાળમાં પહેલાં મનુષ્ય સંકેતો વગેરેથી પોતાના મનોભાવો પ્રગટકરતો. પરંતુ એથી જ્યારે એનું કામ નભ્યું નહિ ત્યારે તે સ્થળના સમસ્ત માનવસમુદાયે એકત્ર થઇને નક્કી કર્યું કે આ પદાર્થને આ નામ આપવું. આમ પરસ્પરની સંમતિથી સમસ્ત સમુદાયે પોતાના ઉપયોગ માટે ભાષા ઘડી કાઢી. આમ, તે ગ્રીક દાર્શનિકોના જેટલો પ્રાચીન છે.[૫]

પ્રસિદ્ધજર્મન સંસ્કૃતજ્ઞ મૅક્સમ્યુલર માનવની સ્વાભાવિક આંતરપ્રેરણા દ્વારા ભાષાની ઉત્પતિ માને છે. હેર્ડર અને ષ્ટાઇન્થાલે માનવશરીર રચનાના વિશિષ્ટ વિકાસને કારણે ભાષાની ઉત્પતિ માને છે. ભાષાશાસ્ત્રીઓ પ્રાકૃત્તિક ધ્વનિ અને પ્રાણી ધ્વનિના અનુકરણ દ્વારા ભાષાની ઉત્પત્તિ માને છે. તો કેટલાક ભાષા વૈજ્ઞાનિકો તીવ્ર લાગણીઓને પરિણામે સહજ થઇ જતાભાવોદ્દગારોને ભાષાનું મૂળ માને છે. નાટ્શાસ્ત્ર સાથે સંકળાએલ કેટલાક ભાષાશાસ્ત્રીઓ સંકેતો કે ચેષ્ટાઓ(Gestures)માંથી ધ્વન્યાત્મક ભાષાઉત્ક્રાંત થઇ એમ માને છે. ભાષાનું પ્રારંભિક રૂપ એ ‘વાણી’ છે. જે બોલવાની આખીય ઘટનાસાથે સંકળાએલ છે. ‘બોલી’ અને ‘ઉપબોલી’ એ વાણીનું માધ્યમ છે. ‘લેખન’ એ ભાષાનું લિખિતસ્વરૂપ છે, જે વર્ણન માટે વપરાયેલ ‘બોલી’ કે ‘ઉપબોલી’ની લિપીબદ્ધ ચિહ્નસ્વરૂપ છે. હિન્દી ભાષા સાથે સંકળાએલ ભાષાવૈજ્ઞાનિક ડૉ. ભોલાનાથ તિવારી ભાષાની પરિભાષા આપતાં જણાવે છે કે- "**भाषा उच्चारण अवयवों से उच्चरित यादृच्छिक**(Arbitrary)

---

[1] G. Revesz, The Origins and Prehistory of Language, 1956, p. 79

[2] વ્યાસકાંતિલાલબળદેવરામ, ભાષાવિજ્ઞાન, ૧૮૭૮, પૃ. ૧૦૩

[3] મંગલદેવશાસ્ત્રી, ભાષાવિજ્ઞાન, પૃ. ૧૪૬

[4] બાબૂરામ સક્સેના, **सामान्य भाषाविज्ञान** પૃ. ૧૫

[5] વ્યાસકાંતિલાલબળદેવરામ, ભાષાવિજ્ઞાન, ૧૮૭૮, પૃ. ૧૦૩

**ध्वनि-प्रतीकों कीवह व्यवस्था है, जिसके द्वारा एक समाज के लोग आपस में भावों और विचारों का आदान-प्रदान करते है।**[6]પ્રસ્તુત વ્યાખ્યાને આધારે એટલું સ્પષ્ટ જરૂર થાય છે કે –

- ભાષા એ ભાવ અને વિચારોના આદાનપ્રદાન માટેનું પ્રબળ સાધન છે.
- ભાષા એ યાદચ્છિક ધ્વનિ સંકેતોનો સમૂહ છે, જેનો નિહિત અર્થ કોઇ એક સમાજની સામાજિક પરંપરા પર આધારિત હોય છે.
- ભાષા એઆદ્યંત એક વ્યવસ્થા છે.

ભાષાની સંકલ્પના, ઉદ્દભવ અને વિશેષતા જાણ્યા પછી માતૃભાષાની સંકલ્પનાના સંદર્ભમાં વિચારીએ તો- જન્મથી માતાના મુખે અથવા સ્વજનોના યા બાળમિત્રોના સહયોગથી અર્જિત કરેલ ભાષા એ માતૃભાષા છે. ઘરના ભાવાત્મક અને સામાજિક વાતાવરણમાંથી શાલેય શિક્ષણના વાતાવરણમાં પ્રવેશ કરવાનાર અથવા તેની સાથે અનુરાગ સ્થાપત્યનું પ્રબળસાધન એ માતૃભાષા છે. બાળકને માતૃભાષાના માધ્યમથી જ ભાષાનો ધ્વન્યાત્મક પરિચય થાય છે. સાથે સાથે માતૃભાષાથકી તે ભાવાભિવ્યક્તિનું કૌશલ્ય કેળવતો જાય છે. આ આદત તેને ઘરેથી પ્રાપ્ત થાય છે. માનસિકતથા શારીરિક દૃષ્ટિએ જોઇએ તો જન્મ પછીના લગભગ છ મહીના પછી બાળક ધીરે ધીરે માતૃભાષા અર્જિત કરતો થાય છે. જે બે-અઢી વર્ષે ઘર-પરિવાર તથા અડોસ-પડોસ કે બાળમિત્રો, મા-બાપના પરિજન કે પરિચિતજનના સંપર્કમાં આવતાં ઝડપથી તે પોતાની માતૃભાષામાં શીખતો થાય છે. આમ, શાળા ગમન પહેલાં બાલક ઔપચારિક રીતે સરળતાપૂર્વક પારિવારિક પરિવેશમાં જે ભાષા શીખે છે તેને માતૃભાષા કહે છે. સામાન્ય રીતે માતૃભાષાને પ્રાદેશિક ભાષા પણ કહે છે. સામાન્ય રીતે પ્રાદેશિક ભાષા માનક ભાષા ન જ હોય. માણસો પ્રાદેશિક ભાષામાં પોતાનો વ્યવહાર નિભાવે છે પરંતુ શિક્ષણનું માધ્યમ તો માનક અર્થાત્ પરિમાર્જિત ભાષા દ્વારા જ થાય છે.

ઇ.સ. ૧૯૪૮-૪૯માં રાષ્ટ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડની ભલાભણથી ડૉ. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં મળેલ યુનિવર્સિટી શિક્ષણ પંચની ભલાભણોનુસાર પાઠયક્રમમાં માતૃભાષાને પ્રમુખ સ્થાન, સંઘીય ભાષા હિન્દીને દ્વિતીય અંગ્રેજીને તૃતીય ભાષાનું સ્થાન આપવામાં આવ્યું. જેને પાછળથી વર્ષ ૧૯૬૧માં ત્રિભાષી સૂત્ર તરીકે સ્વીકાર થયો. ઇ.સ. ૧૯૫૨માં મુદ્દલિયાર કમિશને ભારતમાં માધ્યમિક કક્ષાએ હિન્દી ભાષાભાષી અને અહિન્દી ભાષાભાષી સમાજમાં હિન્દીને અનિવાર્ય વિષય તરીકે સ્વીકારવાને બદલે અંગ્રેજી ભાષાને અનિવાર્ય વિષય તરીકે સ્વીકાર્યો, જ્યારે વર્ષ ૧૯૭૦માં ડૉ. ડી. એસ. કોઠારીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય શિક્ષણ પંચની સ્થાપના થઇ તે સૂચનોને જોઇએ તો-

- હિન્દી ભાષાને માતૃભાષા પછીનો તુરંતનો દરજ્જો આપવામાં આવે.
- અંગ્રેજી ભાષાનું શિક્ષણ વિદ્યાર્થીઓ માટે લાભદાયી છે.
- માધ્યમિક કક્ષાના શૈક્ષણિક સ્તરને માતૃભાષા, હિન્દી અને અંગ્રેજી એમ ત્રાણેય ભાષા શીખવા માટેનું ન્યૂનતમ્ અને યોગ્ય સ્તર છે.

---

[6] ડૉ. ભાલાનાથ તિવારી, **भाषाविज्ञान**૨૦૦૦ પૃ. ૪૬

- શિક્ષણના કોઇપણ સ્તરે ચાર ભાષાઓના શિક્ષણને અનિવાર્ય ન માનવામાં આવે, પરંતુ ત્રીભાષી સૂત્રને ધ્યાને લેતાં-
- માતૃભાષા યા પ્રાદેશિક ભાષાને પ્રથમ સ્થાન આપવામાં આવે.
- હિન્દીભાષાને દ્વિતીય સ્થાન આપવામાં આવે.
- તીજા ક્રમે એક આધુનિક ભારતીય અથવા યુરોપીયન ભાષાને સ્થાન આપવામાં આવે.

અર્થાત્ પ્રાથમિક સ્તરે વિદ્યાર્થીઓને માત્રાને માત્ર માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે. ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલ શ્રી ઇશ્વરભાઇ પટેલ સમિતિએ પણ કોઠારી કમિશનની ભલામણોને જ સ્વીકારી. કેન્દ્રમાં પોતદાર કમિશને પણ માતૃભાષામાં જ પ્રારંભિક શિક્ષણની ભલામણ કરી અને સાથે-સાથે એમ પણ જણાવ્યું કે ધોરણ-૩ અને ૪માં મૂળાક્ષરો ભણાવવામાં આવે.

### ૩. માતૃભાષાના શિક્ષણનું મહત્વ

### ૧. પ્રત્યાયન માટેનું પ્રબળ સાધન

પ્રત્યાયન એટલે કોઇક વડે માહિતી, સંદેશા, વિચાર કે લાગણીઓની આપ-લે. અવગમન, સંક્રમણ અને વિચારવહન એ બધાં પ્રત્યાયનના પર્યાયો છે. ભાષાનુંપહેલું અને મુખ્ય કામ પ્રત્યાયનનું છે.  વિદ્યાર્થી ઘરમાં, શાળામાં અને અન્ય સ્થળે માતૃભાષા દ્વારા જ પ્રત્યાયન કરે છે.આજીવન તે માતૃભાષામાં જ પોતાની લગણીઓ, ઊર્મિઓ, સંવેદનાઓ, ભાવનાઓ, વિચારો વગેરે અભિવ્યક્ત કરવાનો યા તે સંદર્ભે પ્રત્યાયન કરતો રહેવાનો છે. કુશળ પ્રત્યાયક (Communicator) બનવા માટે માતૃભાષાનું સાર્થક જ્ઞાન - સમજ પ્રાપ્ત થાય તે ઇચ્છનીય છે. શાળામાં અપાતું માતૃભાષાનું શિક્ષણ તેના સમગ્ર જીવનને અસર કરે છે. વિદ્યાર્થી કુશળ પ્રત્યાયક બને તે માટે માતૃભાષાનું શિક્ષણનું મહત્વ છે. કુશળ પ્રત્યાયક તરીકે વિદ્યાર્થી પોતાના વિચારો અને લાગણીઓ સરળતાથી, સ્પષ્ટતાથી અને સચોટતાથી સામા માણસ આગળ રજૂ કરે અને સામા માણસના વિચારો વિચારો અને લાગણીઓ યથાર્થ રીતે પૂરેપૂરાંગ્રહણ કરી શકે તે માટે માતૃભાષાનું પર્યાપ્ત શિક્ષણ જરૂરી છે. સંક્ષેપમાં, જીવનભર વ્યાપક, ગહન અને સંસ્કારી પ્રત્યાયન દ્વારા સફળ અને અર્થપૂર્ણ જીવનયાત્રા ચલાવવા માટે માતૃભાષા શિક્ષણનું ખૂબ મહત્વ છે.

### ૨. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા

આજે શિક્ષણના લગભગ બધા સ્તરે માતૃભાષા એ શિક્ષણ મેળવવાનું માધ્યમ બન્યું છે. પ્રાથમિક શિક્ષણથી લઇ ઉચ્ચ શિક્ષણ સુધી માતૃભાષામાં શિક્ષણ મેળવી શકાય છે. અને તે વિદ્યાર્થીઓનો હક પણ બન્યો છે. વિદ્યાર્થીને અન્ય ભાષાઓ, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વગેરે વિષયો માતૃભાષામાં ભણાવવામાં આવે વધુ અસરકારક બને છે. વિદ્યાર્થી જ્ઞાન અને સમજ પ્રાપ્ત કરવાની સાથે-સાથે મેળવેલ જ્ઞાનનોઅન્ય જગ્યાએ કે પરિસ્થિતિમાં પોતાની જરૂરિયાતો સંતોષવા કે સમસ્યાઓના સમાધાન માટે ઉપયોગ કરતો થાય એ શિક્ષણનો પાયાનો હેતુ છે, જે માતૃભાષાના માધ્યમથી સળર અને ઝડપી બને છે. માતૃભાષામાં શ્રવણ અને વાચન દ્વારા વિદ્યાર્થી સરળતાથી જુદા-જુદા જ્ઞાન વિષયોનું મેળવી શકે છે. એટલું જ નહિ પરંતુ તે કથન અને લેખન દ્વારા અભિવ્યક્ત પણ કરી શકે છે.  માતૃભાષાનું યોગ્ય શિક્ષણ પામેલો વિદ્યાર્થી બીજા વિષયોમાં પણ સારી

રીતે જ્ઞાન પ્રાપ્ત કરી શકશે. વિષય ગમે તે હોય, પણ વિદ્યાર્થી માતૃભાષામાં જેટલો સમૃદ્ધ હશે તેટલોજ તે બીજા વિષયોમાં પણ જ્ઞાન મેળવવામાં સફળ થશે. જુદા-જુદા વિષયોમાં કેટલાક પાયાના ખ્યાલો કે પાયાની સંકલ્પનાઓ માતૃભાષાના માધ્યમથી જ સરતાથી સમજી શકાય છે. સાથે સાથે તે વિભિન્ન વિષયો માટે ઉચ્ચ સ્તરની વિચારણા પણ માતૃભાષાના માધ્યમથી જ કરે છે.[7] ટૂંકમાં માતૃભાષા તમામ સ્તરે શિક્ષણનું માધ્યમ છે અને તેથી વિદ્યાર્થી બીજા બધા વિષયોનું સંગીન શિક્ષણ પામીને તેનો અસરકારક પરિચય કરાવી શકે તે માટે માતૃભાષાનું શિક્ષણ મહત્વનું છે. માતૃભાષામાં સિદ્ધિ મેળવ્યા વિના શિક્ષણમાંસિદ્ધિ મળે નહિ.

### ૩. મુક્ત અને સ્પષ્ટ અભિવ્યક્તિ માટે

વિચારોની આપ-લે કે પ્રત્યાયન અને શિક્ષણ મેળવવાના માધ્યમ ઉપરાંત ભાષા અભિવ્યક્તિનું પણ સાધન છે.કોઇને કશો સંદેશો આપવાનો ન હોય, કોઇ શિક્ષણ મેળવવાનું ન હોય એવા સંજોગોમાં પણ આપણી ભાષા દ્વારા આપણે અભિવ્યક્ત થઇએ છીએ. ક્યારેક આપણી સંવેદનશીલતાને સ્પષ્ટ કરવા માટે, ક્યારેક આપણે આપણા અસ્તિત્વની ખાતરી કરાવવા માટે ભાષા દ્વારા અભિવ્યક્ત થઇને આપણે આપણી જાતને પામીએ છીએ.

સાહિત્યસર્જન અભિવ્યક્તિની જરૂરિયાતનું સુભગ પરિણામ છે. સાહિત્યસર્જનમાં ભાષાના વ્યાવહારિક ઉપયોગો ખરી જાય છે. તેથી જ ઘણી વાર આધુનિક સાહિત્યકારો પોતાની કૃતિઓ દ્વારા પ્રત્યાયન અને શિક્ષણને સભાનપણે  ટાળે છે. વિવિધ યુક્તિઓ દ્વારા રોજિંદી ભાષાની સરળ અને દ્રુતઅર્થસંક્રાતિ સાહિત્યકાર વિલંબિત કરી નાખે છે.[૮] તે સંદિગ્ધ અર્થની સૃષ્ટિ રચે છે. વ્યાકરણ-સંપમત જાડા થરને તે ભેરી નાખે છે. આ બધું કરીને સાહિત્યસર્જક ભાષા દ્વારા અભિવ્યક્તિ પામે છે. ભાષા સાથે બાળસુલભ, લીલા કરીને તે આનંદ પામે છે અને પોતાના ભાવકને પણ આનંદમાં ભાગીદાર બનાવે છે. સાથે-સાથે બીજી તરફ માનવ ઘણીવાર પોતાના વિચારેની મુક્ત સ્વતંત્ર અભિવ્યક્તિ પણ ઝંખે છે અને તે માટે તે ભાષાનો ઉપયોગ કરે છે.  આ અભિવ્યક્તિની જરૂરિયાત આનંદાનુભૂતિ માટે કે માનવજીવનના સર્વોચ્ચ મૂલ્ય સમી સ્વતંત્રતાના ઉપયોગ માટે હોય, પણ ભાષા એ અભિવ્યક્તિનું સાધન હોઇ શાળામાં વિદ્યાર્થીને માતૃભાષાનું અસરકારક શિક્ષણ આપવું મહત્વનું બની રહે છે.

### ૪. સામાજિક અને સાંસ્કૃત્તિક વારસાની ધરોહર

શરીર અને ત્વચાને જે સંબંધ છે તેવો જ ગાઢ સંબંધ સંસ્કૃતિ અને ભાષા સાથેનો છે. કોઇ પણ પ્રજા કે રાષ્ટ્રે જે કર્યું છે, માણ્યું છે, વેઠયું છે કે ખોયું છે તે બધું ભાષામાં પ્રગટે છે. ભાષા માનવીની પ્રત્યેક ક્ષણની સાક્ષી છે. ભાષામાં સમગ્ર સાંસ્કૃતિક જીવન ધબકે છે.[૯] સાહિત્યના પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સાહિત્યકૃતિઓ પ્રજાના જીવનશૈલી જેમ કે- ભક્તિ અને ધર્મપરાયણતા, કુટુંબજીવન, વહેમ અને અંધશ્રદ્ધા, શૌર્ય અને સખાવત, ચઢતી-પડતી, ઉત્સવ મેળાવડા, સહિષ્ણુતા અને સાંસ્કૃત્તિક સમન્વયની મથામણો, અસ્મિતાની ખોજ અને સ્વતંત્ર્યની તમન્નાનો પરિચય આપણને આપણી ભાષાના સાહિત્ય

---

[7] Jili Richards, Classroom Language 1978 p. 141

[8] ચન્દ્રકાંત ટોપીવાળા 'આધુનિક કવિતાનું અર્થસ્વરૂપ' સંસ્કૃતિ એપ્રિલ ૧૯૭૩, વર્ષ ૨૭, અંક ૪, પૃ. ૧૨૩-૧૨૭

[9] પટેલ મોતીભાઇ અને અન્ય, ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન, બી. એસ. શાહ પ્રકાશન, ૧૯૯૨, પૃ. ૨૦

દ્વારા જ પ્રાપ્ત થાય છે. આપણા લોકસાહિત્યમાં આપણી સંસ્કૃતિ સ્વકીય ઉજાગર થાય છે. અર્થાત્, માતૃભાષામાં સામાજિક અને સાંસ્કૃત્તિક વારસો સચવાયો છે. કોઇ પણ પ્રજાની સંસ્કૃત્તિનાં સારાંનરસાં તત્ત્વોનો પરિચય આપણને માતૃભાષા દ્વારા થાય છે. યુગોથી સંચિત સાંસ્કૃત્તિક વારસાને માત્ર પામવા માટે જ નહિ, પણ એ વારસાને સમૃદ્ધ કરવા માટે પણ માતૃભાષાનો મહત્ત્વનો ફાળો છે. ભાષા વિના માણસનો સામાજિક અને સાંસ્કૃત્તિક વિકાસ કલ્પવો કે સમજવો અશક્ય છે. માતૃભાષાની મદદથી આપણે આપણા પૂર્વજોના ખભા ઉપર બેસીને વધુ વિશાળ ક્ષિતિજો જોઇ શકીએ છીએ. વિદ્યાર્થી માત્ર જીવનવ્યવહાર ચલાવી શકે, શિક્ષણ મેળવી શકે અને અનેક જાતની અભિવ્યક્તિ કરી શકે એટલા માટે જ નહિ, પણ માનવજાતના સાસ્કૃત્તિક વારસાને આત્મસાત્ કરીને તેના વિકાસમાં તેના વિકાસમાં યોગદાન કરી શકે એ માટે તેને માતૃભાષાનું શિક્ષણ આપવું મહત્ત્વનું છે.

## ૫. શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષાઓ અને તેને દૂર કરવાના ઉપયો

શિક્ષણમાં માતૃભાષા પ્રત્યે સેવાતી ઉપેક્ષાના કેટલાંક સંકેતો આ પ્રમાણે છ[૧૦]-

- 'ગુજરાતી/માતૃભાષા તો શાળા શીખ્યા વિના આવડે' અથવા તો 'ગુજરાતી/માતૃભાષામાં શીખવા કે શીખવવા જેવું કશું નથી' એવી આપણી આપણા શિક્ષકોની અને વિદ્યાર્થીઓની ભ્રામક માન્યતા.
- શાળાઓમાં અને એમાંયે ખાસ કરી પ્રાથમિક ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ કોઇપણ શિક્ષકને માતૃભાષાના શિક્ષણની જવાબદારી સોંપી દેવામાં આવે છે.
- સામાન્ય રીતે આપણી શાળા-મહાશાળામાં પાઠયપુસ્તક પદ્ધતિથી જ માતૃભાષાનું શિક્ષણ કરાય છે. પાઠયપુસ્તક તો શિક્ષણનું એક સાધન છે એ વાતને બાજુ પર રાખી સમગ્ર માતૃભાષાનું શિક્ષણ પાઠયપુસ્તક ભણાવવામાં, નિબંધ લખાવવામાં અને સંધિ, સમાસ, અંલંકાર અને છંદ જેવા મુદ્દાઓના યાંત્રિક વ્યાકરણમાં સમાઇ જાય છે. ભાષાનું શિક્ષણ ભાષીય કૌશલ્ય વિક્સાવવાનું છે. વિદ્યાર્થીને સફળ ભાષા વ્યવહાર માટે તૈયાર કરવાનો છે આપણી શિક્ષણ પ્રણાલી આ બાબતથી જાણે કે અલિપ્ત છે.
- માતૃભાષાના શિક્ષણ માટે શિક્ષકો રોજિંદી પૂર્વતૈયારી ખાસ જરૂરી ગણતા હોય એવું લાગતું નથી. ગણિત વિજ્ઞાન જેવા બીજા વિષયોના અધ્યાપન માટે જેટલી તૈયારી કરવામાં આવે છે તેટલી તૈયારી પ્રત્યે દૂર્લક્ષ સેવવામાં આવે છે.
- માતૃભાષાના શિક્ષણ માટે પુસ્તકાલય અને વાચનાલયની સુવિધાનો અભાવ માતૃભાષા તરફની ઉપેક્ષાનો એક સંકેત છે. વિદ્યાર્થીને ઇતરવાચન માટે પ્રેરણા-પ્રોત્સાહન આપવા, માર્ગદર્શન કે સગવડ પ્રત્યે ઉણપ વર્તાય છે.
- વિદ્યાર્થી માન્ય ભાષાનો ઉપયોગ કરે એ માટે તેને જોડણીકોશના ઉપયોગની કોઇ તાલીમ વ્યવશસ્થા કે વિદ્યાર્થીની ભાષાકીય ભૂલો સુધારવા પ્રત્યે ધ્યાન અપાતું નથી.

શિક્ષણમાં ઉપર્યુક્ત જેવી સેવાતી ઉપેક્ષાને દૂર કરવાના ઉપાયો ઉપર્યુક્ત વિચારેલા સંકેતોમાંથી જ શોધી શકાય તેમ છે. તેમ છતાં વિચારીએ તો-

[10] આર. એસ. ત્રિવેદી, માતૃભાષાનો અધ્યાપન વ્યવહાર, માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણ, જાન્યુઆરી ૧૯૮૨, વર્ષ ૪ અંક ૮, પૃ. ૨૪

- માતૃભાષાના શિક્ષણ પ્રત્યે ગંભીર વલણ કેળવી તેના અસરકારક અધ્યયન-અધ્યાપન માટેના પ્રયત્નો હાથ ધરવા જોઇએ.
- માતૃભાષા શ્રવણ, કથન,વાચન અને લેખનનાં કૌશલ્યોનો વિષય છે. વિદ્યાર્થીમાં પુરતા પ્રમાણમાં આ બધાં કૌશલ્યો વિકસે તે માટે કૌશલ્યકેન્દ્રી અભિગમથી ભણાવવું જોઇએ.
- માતૃભાષાના શિક્ષકે અન્ય ભાષાના શિક્ષકોની જેમ સુસજ્ઞ થઇને શિક્ષણકાર્ય કરવું જોઇએ.
- બીજા વિષયોના શિક્ષણમાં માતૃભાષાની પ્રચંડ અસર છે એ બાબતને ધ્યાનમાં રાખી બ્રિટનમાંBullock Committee (1974) એ કરેલી બે અગત્યની ભલામણો કરવામા આવી કે (૧) દરેક શાળામાં ભાષાની સુવ્યવસ્થિત નીતિ હોવી જોઇએ અને ભાષા તથા વાચનના વિકાસના કાર્યક્રમમાં બધા વિષયના શિક્ષકને સાંકળવા જોઇએ. (૨) શિક્ષણમાં ભાષાની ભૂમિકા સમજાય તે માટે બધા વિષયોના શિક્ષકોને તેમની તાલીમના સામાન્ય કાર્યક્રમ દરમિયાન વિશિષ્ટ તાલીમ આપવી જોઇએ.
- યોગ્ય પાત્રતાવાળા શિક્ષકોને જ માતૃભાષાના શિક્ષણની જવાબદારી આપવી જોઇએ.
- માતૃભાષાના શિક્ષણ માટે પુસ્તકાલય અને વાચનાલયની સુવિધા કરવી અને વર્ગશિક્ષણને પુસ્તકાલય સાથે સાંકળવું. બધા શિક્ષકોએ ઉચ્ચારણ અને લખાણમાં ભાષાના માન્ય સ્વરૂપનો ચુસ્ત આગ્રહ રાખવો અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા પ્રેરણાદાયી ભાષાત્મક વાતાવરણ સર્જવું જોઇએ.

## ૪. ઉપસંહાર

વિદ્યાર્થીના સફળ અને અર્થપૂર્ણ જીવનવ્યવહાર માટે, તેના શિક્ષણ માટે, તેના વ્યક્તિત્વના વિકાસ માટે અને સાંસ્કૃતિક વારસાના પરિચય માટે શાળામાં માતૃભાષાના શિક્ષણની અતિ આવશ્યકતા છે. ઉપર્યુક્ત જેવું શિક્ષણમાં માતૃભાષાના શિક્ષણનું મહત્વ હોવા છતાં સાચી સમજના અભાવે માતૃભાષા પ્રત્યે ઉપેક્ષા સેવાય છે. પરિણામે માતૃભાષાના શિક્ષણનો મહત્વનો આદર્શ વ્યવહારના ધરાતલ પરથી ઊણો ઉતરતો જણાય છે અને માતૃભાષાના શિક્ષક સામે શાળામાં માતૃભાષાને એનું યોગ્ય સ્થાન અપાવવાનો ગંભીર પડકાર ઊભો છે.

## સંદર્ભસાહિત્ય

૧. ભાષાવિજ્ઞાન, ડૉ. કાંતિલાલ બળદેવરામ વ્યાસ, એન. એમ. ત્રિપાઠી પ્રા.લિ. મુંબઇ
૨. ભાષાવિજ્ઞાન ડૉ. રમેશ ત્રિપાઠી આદર્શ પ્રકાશન, અમદાવાદ. ૩.
૩. **भाषाविज्ञान डो. भोलानाथ तिवारी किताब महल, इलाहबाद**
૩. ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ, જયંત કોઠારી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૪. ભાષાનો વૈજ્ઞાનિક અભ્યાસ, યોગેન્દ્ર વ્યાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવદ.
૫. માતૃભાષામાં સર્જનાત્મક અભિવ્યક્તિ, પ્રા. જે.બી. વાળંદ, બી. ડી. શાહ. કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા.
૬. **हिन्दी अध्यापन परिशीलन,** ડૉ. રવીન્દ્ર અંધારિયા, બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ
૭. ગુજરાતી અધ્યાપન પરિશીલન, ડૉ. મોતીભાઇ પટેલ બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ